# ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો - ૨૦૧૧

## ૧. વિવિધ પાકોની સુધારેલી / સંકર જાતોની માહિતી

### ૧.૧ ગુજરાત જૂનાગઢ મગફળી ૧૭ (જીજેજી-૧૭)

ગુજરાત રાજ્યમાં ચોમાસુ ઋતુમાં વેલડી મગફળી ઉગાડતા ખેડૂતોને મગફળીની ગુજરાત જૂનાગઢ મગફળી ૧૭ (જીજેજી ૧૭) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના ડોડવાનું ઉત્પાદન પ્રતિ હેકટરે ૧૭૯૮ કિ.ગ્રા. મળેલ છે, જે અંકુશ જાત એમ ૩૩૫ (૧૩૩૨ કિ.ગ્રા./હે.), જીજી ૧૧ (૧૪૯૩ કિ.ગ્રા./હે.) અને જીજી ૧૩ (૧૫૮૧ કિ.ગ્રા./હે.) કરતા અનુક્રમે ૩૮ .૨૬, ૨૦.૪૦ અને ૧૩.૬૮ ટકા વધારે માલુમ પડેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક (મગફળી), તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૧.૨ ગુજરાત જૂનાગઢ મગફળી ૨૨ (જીજેજી-૨૨)

ગુજરાત રાજ્યમાં ચોમાસુ ઋતુમાં અર્ધ વેલડી મગફળી ઉગાડતા ખેડૂતોને મગફળીની ગુજરાત જૂનાગઢ મગફળી ૨૨ (જીજેજી ૨૨) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના ડોડવાનું ઉત્પાદન પ્રતિ હેકટરે ૧૭૭૦ કિ.ગ્રા. મળેલ છે, જે અંકુશ જાત કદીરી ૩ (૧૨૯૦ કિ.ગ્રા./હે.) અને જીજી ૨૦ (૧૫૩૮ કિ.ગ્રા./હે.) કરતા અનુક્રમે ૩૭ .૨૩ અને ૧૫.૦૫ ટકા વધારે માલુમ પડેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક (મગફળી), તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૧.૩ ગુજરાત જૂનાગઢ વાલોળ-૧૧ (જીજેઆઈબી-૧૧)

સૌરાષ્ટ્ર તથા મધ્ય ગુજરાતમાં પાછોતરા ચોમાસા ઋતુમાં વાલોળનો પાક ઉગાડતા ખેડૂતોને વાલોળની ગુજરાત જૂનાગઢ વાલોળ-૧૧ (જીજેઆઈબી-૧૧) જાતનું વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના વાલોળની શીંગોનું ઉત્પાદન ૯૫.૩૯ કિવન્ટલ /હે. મળેલ છે. જે સ્થાનિક નિયંત્રિત જાતો વિરપુર તથા દાંતીવાડા કરતા અનુક્રમે ૩૧.૨૧ તથા ૩૨.૦૮ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના વાલોળની શીંગો મધ્યમ લંબાઈની તથા લીલા રંગની થાય છે

(સંશોધન વૈજ્ઞાનિક(લ.ડું), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૧.૪ ગુજરાત જૂનાગઢ ભીંડા હાઈબ્રીડ-૩ (જીજેઓએચ-૩)

ગુજરાતમાં ચોમાસુ ઋતુમાં ભીંડાનો પાક ઉગાડતા ખેડૂતોને ભીંડાની ગુજરાત જૂનાગઢ ભીંડા હાઈબ્રીડ-૩ (જીજેઓએસ-૩) જાતનું વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. આ હાઈબ્રીડ જાતના ભીંડાનું ઉત્પાદન ૧૩૭.૪૪ કિવન્ટલ/હેકટર મળેલ છે. જે અંકુશ જાતો જીઓએચ-૧, પરભણી ક્રાંતિ અને પૂસા સાવની કરતા અનુક્રમે ૧૯.૮૮, ૨૬.૨૪ અને ૨૯.૮૨ ટકા ઉત્પાદન



વધારે માલુમ પડેલ છે. આ હાઈબ્રીડ જાતના ભીંડાની શીંગો ઘેરા લીલા રંગની, કુણી અને આકર્ષક થાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(લ.ડું), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૧.૫ ગુજરાત જૂનાગઢ સોયાબીન-૩ (જીજેએસ-૩)

સૌરાષ્ટ્ર વિસ્તારનાં સોયાબીન પાક ઉગાડતા ખેડૂતોને સોયાબીનની ગુજરાત સોયાબીન-૩ જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. ગુજરાત સોયાબીન-૩ જાતનું ઉત્પાદન ૧૮૩૫ કિ.ગ્રા. / હે. મળેલ છે. જે રાજ્ય કક્ષાની અંકુશ જાતો ગુજરાત સોયાબીન-૧ અને ગુજરાત સોયાબીન-૨ કરતા અનુક્રમે ૨૩.૮૩ અને ૪૩.૭૦ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતે રાષ્ટ્રીય કક્ષાની અંકુશ જાતો જેએસ-૩૩૫ અને પીકે-૪૭૨ કરતા પણ અનુક્રમે ૧૮.૦૨ અને ૨૮.૬૩ ટકા વધારે ઉત્પાદન આપેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક (પાક સંવર્ધન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી)

### ૧.૬ બાજરો જીએચબી-૭૩૨

ગુજરાત રાજ્યનાં ઉનાળુ બાજરો ઉગાડતા ખેડૂતોને બાજરાની મધ્યમ મોડી પાકતી હાઈબ્રીડ જાત જીએચબી-૭૩૨નું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જાતનાં દાણાનું ઉત્પાદન ૫૦૩૭ કિ.ગ્રા./હે. મળેલ છે જે અંકુશ જાતો જીએચબી-૫૩૮, જીએચબી -૫૫૮ અને જીએચબી-૫૨૬ કરતા અનુક્રમે ૧૪.૭, ૧૩.૨ અને ૨૧.૬૬ ટકા વધારે માલુમ પડેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી, બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

## ૨ ધાન્ય પાકો

### ૨.૧ બાજરી

#### (ક) બાજરીના પાકમાં સમતોલ ખાતરનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં બાજરી (ખરીફ) અને રાઇ (રવી) પાક પધ્ધતિ અનુસરતા ખેડૂતોને મહતમ નફો મેળવવા બાજરાના પાકમાં પાંચ ટન છાણિયું ખાતર અને ભલામણ કરેલ રાસાયણિક ખાતર (૮૦:૪૦ નાઃફો. કિ.ગ્રા./હે) આપવુ અને રાઈના પાકમાં ભલામણ કરેલ રાસાયણિક ખાતર (૫૦:૫૦ નોઃફો. કિ.ગ્રા./હે) સાથે ૩૦ કિ.ગ્રા પોટાશ, ૧૦૦ કિ.ગ્રા જીપ્સમ, ૧૦ કિ.ગ્રા ઝીક સલ્ફેટ, ૧૦ કિ.ગ્રા. ફેરસસલ્ફેટ પ્રતિ હેકટર આપવા ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી, બાજરા સંશોધન કેન્દ્ર , જૂ.કૃ.યુ., જામનગર)

#### (ખ) ઉનાળુ બાજરીમાં સંકલિત પોષણ વ્યવસ્થા

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં જસતની ઉણપવાળી જમીનમાં ઉનાળુ બાજરી ઉગાડતા ખેડૂતોને મહતમ ઉત્પાદન તેમજ નફો મેળવવા બાજરાના પાકમાં ભલામણ કરેલ ખાતરના પ્રમાણ (૧૨૦:૬૦:૦

ના.:ફો.:પો. કિ.ગ્રા./હે.) સાથે વાવેતર સમયે ૨૦ કિ.ગ્રા. ઝીકસલ્ફેટ આપવા ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી, બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

**(ગ) ઉનાળુ બાજરીમાં નાઈટ્રોજન વ્યવસ્થા**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં ઉનાળુ બાજરી ઉગાડતા ખેડૂતોને મહતમ ઉત્પાદન તેમજ નફો મેળવવા બાજરાના પાકમાં ભલામણ કરેલ (૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન /હે ત્રણ હપ્તામાં ૧/૩ પાયામાં, ૧/૩ ફૂટ અવસ્થાએ (૨૫–૩૦ દિવસે) અને ૧/૩ ડુંડા આવવાની અવસ્થાએ (૪૦–૪૫ દિવસે) આપવા ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી, બાજરા સંશોધન કેન્દ્ર , જૂ.કૃ.યુ., જામનગર)

**૨.૨ ઘઉં**

**(ક) ઘઉં પાકનાં વિકાસ અને ઉત્પાદન ઉપર વાવણી સમય અને વાતાવરણીય અસર**

હિટ યુનીટ કોન્સેપ્ટ આધારીત પરિણામો અનુસાર દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતો કે જેઓ ઘઉંની વહેલી વાવણી કરવા રસ ધરાવતા હોય તેઓને આથી ભલામણ કરવામાં આવે છે કે ઘઉંની જાત જી.ડબલ્યુ.–૩૬૬ નું વાવેતર નવેમ્બરના પ્રથમ પખવાડિયા દરમ્યાન (લઘુતમ તાપમાન ૧૩° થી ૧૪° સે. અને મહતમ તાપમાન ૩૦° થી ૩૧° સે.) કરવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.

(પ્રાધ્યાપકશ્રી(કૃષિ હવામાન) અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી(ઘઉં), જૂ.કૃ.યુ. જૂનાગઢ)

## ૩ તેલીબિયાં પાકો

**૩.૧ મગફળી**

**(ક) મગફળી–કપાસ પાક પધ્ધતિમાં સંકલિત ખાતર વ્યવસ્થા**

ઉત્તર સૌરાષ્ટ્ર આબોહવાકિય વિસ્તાર (પરિસ્થિતિ–૧૦)ના ખેડૂતોને વરસાદ આધારીત પરિસ્થિતીમાં વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવાની સાથે જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા મગફળી–કપાસ પાક પધ્ધતિની સાથે સંકલિત ખાતર વ્યવસ્થા (પાકના ભલામણ કરેલ રાસાયણિક ખાતરના ૨૫ ટકા + કમ્પોસ્ટ ૫ ટન/હે. + દિવેલીનો ખોળ ૫૦૦ કિ.ગ્રા./હે. + રાઈઝોબીયમ / એઝોટોબેકટર અને પીએસએમ ૫ ગ્રામ/કિલો બીજ માવજત) અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જમીન), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા)

**(ખ) ઉભડી મગફળીમાં મોરમનો ઉપયોગ**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના સુકી ખેતી પરિસ્થિતિમાં



ઉભડી મગફળી (જીજી–૫) નું વાવેતર કરતા ખેડૂતોને મહત્તમ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવવા તેમજ ભેજ સંગ્રહ કરવા માટે પ્રતિ હેકટરે ભલામણ કરેલ રાસાયણિક ખાતરના જથ્થાની સાથે મોરમ ૪૦ ટન અથવા ૧૦ ટન છાણિયું ખાતર નાખવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી (સૂ.ખે), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા)

**૩.૩ તલ**

**(ક) તલના પાકમાં પોટાશ ખાતર**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ચોમાસુ તલ (ગુ. તલ–૩) ઉગાડતા ખેડૂતોએ વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે પ્રતિ હેકટરે ૪૦ કીલો પોટેશીયમ પાકને ભલામણ કરેલ રાસાયણિક ખાતર ૫૦ : ૨૫ ના.:ફો. કિ.ગ્રા./હે. ઉપરાંત જમીનમાં આપવા ભલામણ કરવામાં આવે છે.

(જૂનીયર કૃષિ વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી )

**(ખ) તલના પાકમાં ફૂલ ઉઘડતી વખતે યુરિયાનો છંટકાવ**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ચોમાસુ તલ (ગુ. તલ–૨) ઉગાડતા ખેડૂતોએ વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે તલ પાકને ભલામણ મુજબનો રાસાયણિક ખાતરનો ડોઝ (૫૦ : ૨૫ : ૦૦ ના. ફો. પો. કિ.ગ્રા./હે.) ઉપરાંત ૨ ટકા યુરીયાના ફૂલ ઉઘડતી અને બૈઢા બેસતી વખતે, એમ બે છંટકાવ કરવા ભલામણ કરવામાં આવે છે.

(જૂનીયર કૃષિ વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી )

**(ગ) તલ પાકનો કાપણી સમય**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ચોમાસુ તલ (ગુ. તલ–૨) ઉગાડતા ખેડૂતોએ વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે તલનાં પાકની કાપણી, પાક પીળો પડી જાય ત્યારે કરી, પુળા વાળી, જમીન ઉપર ઉભડા કરી સુકવવા તથા કાપણી બાદ ૭ તથા ૧૫ દિવસે એમ બે વાર ખંખેરવા ની ભલામણ કરવામાં આવે છે.

(જૂનીયર કૃષિ વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી )

**(ઘ) તલનું જોડકા પધ્ધતિથી વાવેતર**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ચોમાસુ તલનુ વાવેતર કરવા ઈચ્છતા ખેડૂતોએ વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે ગુ.તલ–૧૦ જાતનું ૩૦ : ૬૦ સે.મી. જોડકા પધ્ધતિથી વાવેતર કરવા ભલામણ કરવામા આવે છે.

(જૂનીયર કૃષિ વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી )

**(ચ) તલમાં પાન વાળનારી ઈયળનું નિયંત્રણ**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ખેડૂતોને ચોમાસુ તલમાં પાન વાળનારી / બૈઢા કોરી ખાનારી ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે જૈવિક જંતુનાશક દવા બિવેરીયા બેઝીયાના ૫ ગ્રામ પ્રતિ લીટર અથવા લીંબોળીનાં મીજના ૫ ટકા (૫૦૦ ગ્રામ/ ૧૦ લીટર પાણીમાં)નાં દ્રાવણનો જીવાતનો ઉપદ્રવ શરૂ થયેથી ૧૫ દિવસનાં અંતરે ત્રણ છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કીટક), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી)

**(છ) તલમાં ટપકાના રોગનું નિયંત્રણ**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ચોમાસુ ઋતુમાં તલ ઉગાડતા ખેડૂતોને તલમાં પાન, થડ અને બૈઢાના ટપકાના રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે પ્રોપીકોનાઝોલ ૦.૦૨૫ ટકા (૧૦ લીટર પાણીમાં૧૦ મિ.લિ.) અથવા હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા (૧૦ લીટર પાણીમાં૧૦ મિ.લિ.) અથવા કાર્બેન્ડેઝીમ ૧૨ ટકા વે.પા. + મેન્કોઝેબ ૬૩ ટકા વે.પા. ૦.૧૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૨૦ ગ્રામ) ના ત્રણ છંટકાવ વાવેતર બાદ ૪૦ દિવસે ૧૨ દિવસના અંતરે કરવાની ભલામણ છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (રોગ), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી)

## ૪ રોકડીયા પાકો

### ૪.૧ કપાસ

**(ક) બીટી કપાસમાં પાક પધ્ધતિ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના પિયત બીટી કપાસનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે વધારે વળતર મેળવવા માટે બીટી કપાસ બાદ ઉનાળામાં તલ અથવા ઉભડી મગફળીનું વાવેતર કરવું.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), કપાસ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ખ) કપાસ + તલમાં રાસાયણિક ખાતર વ્યવસ્થા**

ઉત્તર સૌરાષ્ટ્ર આબોહવાકિય વિસ્તારમાં હાઈબ્રીડ કપાસ (ગુ. સંકર કપાસ–૮) + તલ (૧:૧) ની આંતરપાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને સુકી ખેતીમાં હેકટરે વધારે ઉત્પાદન અને આવક મેળવવા માટે કપાસના પાકને પ્રતિ હેકટરે ૮૦ કિલોગ્રામ નાઇટ્રોજન અને તલના પાકને પ્રતિ હેકટરે ૨૫ કિલોગ્રામ નાઇટ્રોજન અને ૧૨.૫ કિલોગ્રામ ફોસ્ફરસ આપવાની ભલામણ કરવામા આવે છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (સસ્ય),સૂકી ખેતી સંશોધન કેન્દ્ર,જૂ.કૃ.યુ. તરઘડીયા)

**(ગ) કપાસની સાંઠીનું ઝડપથી સેન્દ્રિય ખાતર બનાવવું**

ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કપાસની સાંઠીને ખેતરમાં બાળી



નાખવી અથવા શેઢે પાળે ફેંકી દેવાને બદલે તેના કોટન શેડરથી ટુકડા કરી, એક ટન કપાસની સાંઠી દીઠ ૫૦૦ ગ્રામ પ્રમાણે કમ્પોસ્ટ કલ્ચર અને યુરિયા (નાઈટ્રોજન ૦.૫ ટકા), ૫ ટકા રોક ફોસ્ફેટ, ૩ ટકા દિવેલી અને લીમડાનો ખોળ તથા ૨૦ ટકા છાણ તેમ જ પ્રથમવાર ફેરવતી વખતે એઝેટો બેકટર તથા ફોસ્ફો બેકટેરીયા એક ટન કપાસની સાંઠી દીઠ ૫૦૦ ગ્રામ પ્રમાણે ઉમેરી, કમ્પોષ્ટ તૈયાર કરવામાં આવે તો દરેક પોષક તત્વોના વધુ જથ્થાવાળુ સાંદ્ર કમ્પોસ્ટ બનાવી શકાય છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જમીન),સૂકી ખેતી સંશોધન કેન્દ્ર,જૂ.કૃ.યુ. તરઘડીયા)

## ૫ બાગાયતી પાકો

### ૫.૧ નાળિયેરી

**(ક) નાળિયેર (ટી×ડી)માં ઈરીયોફાઈડ કથીરીનું નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં નાળીયેરીમાં આવતી ઈરીયોફાઈડ માઈટ (કથીરી)નાં અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એઝાડીરેકટીન ૨.૫ ટકા ૧૫ મિ.લિ. દવા તેટલાં જ પાણીમાં ભેળવી મૂળ શોષણ પધ્ધતિથી દર બે મહિનાના અંતરે આખા વર્ષ દરમ્યાન આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી(બાગાયત), ફળ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., મહુવા)

**(ખ) નાળિયેરી રોપનો નેટ હાઉસમાં ઉછેર**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં નાળીયેરી રોપ ઉછેરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઓછી કિંમતના નેટ હાઉસમા (૫૦ ટકા છાંયાવાળા) જુન મહિનામાં રોપ ઉછેરવાથી ખુલ્લા વિસ્તારની સરખામણીમાં ગુણવત્તાવાળા રોપ અને ચોખ્ખો નફો વધારે મળે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બાગાયત), ફળ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ. મહુવા)

### ૫.૨ જામફળ

**(ક) જામફળના વિકાસમાં આવરણની અસર**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ટપક પિયત પધ્ધતિ નીચે જામફળનુ વાવેતર કરતા ખેડૂતોને મહત્તમ છોડની વૃધ્ધિ, ફળનું ઉત્પાદન અને આર્થિક વળતર મેળવવા તેમજ ભેંજ સંગ્રહ કરવા માટે કાળુ પ્લાસ્ટીક ( ૫૦ માઈક્રોન) નુ અથવા પ્રતિ છોડ દીઠ ૭.૫ કિલો મગફળીની ફોતરી અથવા ઘઉના કુવળ નું આવરણ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી (સૂ.ખે.), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા)

## ૬ ફૂલ પાકો

**(ક) ગ્લેડીયોલસ ફૂલના ઉત્પાદનમાં થાયોયુરિયા હોર્મોન્સની અસર**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ખેડૂતો કે જેઓ

ગ્લેડીયોલસ ફૂલ પાકની અમેરીકન બ્યુટી જાતને સ્પાઈકના ઉત્પાદન માટે પોલી હાઉસમાં ઉગાડવાની ઈચ્છા ધરાવે છે. તેઓને સલાહ આપવામાં આવે છે કે સ્પાઈકના વધુ ઉત્પાદન માટે થાયોયુરિયા ૧ ગ્રામ પ્રતિ ૧ લિટર દ્રાવણમાં ૧૦ કલાક સુધી બોળીને કંદને વાવતા પહેલા માવજત આપવાથી સારી ગુણવત્તાવાળા ફૂલોનું વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મળે છે.

(પ્રાધ્યાપકશ્રી, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ખ) ગ્લેડીયોલસ ફૂલના ઉત્પાદનમાં ઝિબ્રાલીક હોર્મોન્સની અસર**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના ખેડૂતો કે જેઓ ગ્લેડીયોલસ ફૂલ પાકની અમેરીકન બ્યુટી જાતના કંદના ઉત્પાદન માટે પોલી હાઉસમાં ઉગાડવાની ઈચ્છા ધરાવે છે. તેઓને સલાહ આપવામાં આવે છે કંદના વધુ ઉત્પાદન માટે ઝીબ્રાલીક એસીડ ૦.૦૫ ગ્રામ પ્રતિ ૧ લિટર દ્રાવણમાં ૧૦ કલાક સુધી બોળીને કંદને વાવતા પહેલા માવજત આપવાથી કંદનુ વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મળે છે.

(પ્રાધ્યાપકશ્રી, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## ૭ શાકભાજીના પાકો

### ૭.૧ ડુંગળી

**(ક) ડુંગળીના પાકમાં ટપક પિયત પધ્ધતિ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં રવિ ઋતુમાં બીજ માટેની ડુંગળી (પીળીપત્તી) ઉગાડતા ખેડૂતોને આર્થિક રીતે બીજનું મહત્તમ ઉત્પાદન મેળવવા માટે ડુંગળીને ટપક પધ્ધતિ દ્વારા પિયત આપવાની ભલામણ છે. આ માટે લેટરલ પાઈપમાં ૦.૫ મીટરના અંતરે ૪ લિટર/સેકન્ડના ટપકણીયાં વાપરવા અને લેટરલ વચ્ચેનું અંતર ૧.૪૫ મીટર રાખવુ. ટપક પિયત પધ્ધતિ ૭૫ ટકા બાષ્પીભવનાંક એ પિયત આપવા ૪૭ મિનિટ સુધી ચલાવવી.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ખ) ડુંગળીના પાન ઉપર તત્વોનો છંટકાવ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારના રવિ ઋતુમાં કંદ માટેની ડુંગળી (ગુજરાત સફેદ ડુંગળી–૧) ઉગાડતા ખેડૂતોને આર્થિક રીતે મહત્તમ ડુંગળીના કંદનું ઉત્પાદન મેળવવા માટે ભલામણ કરેલ રાસાયણીક ખાતર (૭૫:૬૦:૫૦ ના.:ફો.:પો. કિ.ગ્રા./હેકટર) ઉપરાંત ના.ફો.પો. (૧૯:૧૯:૧૯ ના.:ફો.:પો. કિ.ગ્રા./હેકટર) ૦.૫ ટકા પ્રમાણે ફેરરોપણી બાદ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે પાન પર છંટકાવ કરવા ભલામણ છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ગ) ખારા પાણી વિસ્તારમાં ડુંગળીમાં પોષક તત્વોની વ્યવસ્થા**

આથી દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં ખારા પાણીથી



(ઈ.સી. ૬.૦૦ ડે.સા./મી.) પિયત કરી સફેદ ડુંગળી ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ભલામણ કરેલ રાસાયણિક ખાતરનો ડોઝ (૭૫ કિલો નાઈટ્રોજન, ૬૦ કિલો ફોસ્ફરસ /હે) ઉપરાંત છાણિયું ખાતર ૨૦ ટન સાથે ૧૦૦ કીલો પોટાશ પ્રતિ હેકટરે આપવુ અથવા છાણીયું ખાતર ૨૦ ટન /હે + જીપ્સમ ૭ ટન/હે (૫૦ ટકા જીપ્સમની જરુરિયાત)ની સાથે ૧૦૦ કિ.ગ્રા. પોટાશ/હે આપવાથી વધારે ઉત્પાદન અને વધુ આવક મળે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણ અને જમીન વિજ્ઞાન, જૂ.કૃ.યુ. જૂનાગઢ)

**(ઘ) ડુંગળીના પાકમાં જમીન સુધારકો**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં ભાસ્મિક જમીન અને ભાંભળા પાણીની પરિસ્થિતિમાં ડુંગળી વાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ડુંગળીની તળાજા લાલ જાત માટે ભલામણ કરેલ રાસાયણિક ખાતરના અડધા જથ્થા (ના.:ફો.:પો. ૩૭.૫:૩૦:૨૫ કી.ગ્રા./હે) સાથે ૫ ટન જીપ્સમ અને ૯૦૦ કીલો લીબોળીનો ખોળ પ્રતિ હેકટરે આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બાગાયત), ફળ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., મહુવા)

### ૭.૨ ટામેટી

**(ક) ટામેટીના પાકમાં સૂક્ષ્મ તત્વોનો છંટકાવ**

દક્ષિણ સૈરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારનાં ગુજરાત ટમેટા–૧ નું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, બોરીક એસીડ, ઝીક સલ્ફેટ, કોપર સલ્ફેટ, ફેરેસ સલ્ફેટ અને મેન્ગેનીઝ સલ્ફેટ દરેકનું ૧૦૦ પી.પી.એમ. અને એમોનીયમ મોલીબ્લેડમ ૫૦ પી.પી.એમ. ડુંગળીની ફેર રોપણી બાદ ૪૦, ૫૦ અને ૬૦ દિવસે ભલામણ કરેલ રાસાયણીક ખાતરનાં ડોઝ (૭૫ : ૩૭.૫ : ૬૨.૫ કિ.ગ્રા. ના. : ફો. : પો./હેકટર) ઉપરાંત આપવાથી અર્થક્ષમ વધારે ઉત્પાદન મેળવી શકાય છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ખ) ટામેટીમાં સંકલિત તત્વ વ્યવસ્થા**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારનાં ગુજરાત ટમેટા–૧ નું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, વધુમાં વધુ અર્થક્ષમ ટમેટાનું ઉત્પાદન લેવા ૧૨૦ : ૬૦ ના.: ફો. કિ.ગ્રા./હે + છાણિયું ખાતર ૧૦ ટન પ્રતિ હેકટર + સલ્ફેટ ૨૫ કિ.ગ્રા./હે. + એઝોટોબેકટર ૫ કિ.ગ્રા./હે. વાવેતર કરતી વખતે જમીનમાં આપવું અને બોરીક એસીડ, ઝીક સલ્ફેટ, કોપર સલ્ફેટ, ફેરેટ સલ્ફે અને મેગેનીઝ સલ્ફેટ દરેકનું ૧૦૦ પી.પી.એમ. અને એમોનીયમ મોલીબ્લેડમ ૫૦ પી.પી.એમ.નુ માઈક્રો ન્યુટ્રીયન્ટ મીક્ચરનો

છંટકાવ કરવો.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**૭.૩ ધાણા**

**(ક) ધાણામાં મોલોમશીનું નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં ધાણાનાં પાકમાં આવતી મોલોમશી જીવાતના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એસીટામીપ્રીડ ૨૦ ટકા એસપી ૦.૦૦૪ ટકા (૧૦ લિટર પાણીમાં ૨ ગ્રામ દવા) અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસએલ ૦.૦૦૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૨.૮૦ મિ.લિ. દવા) અથવા ડાયમિથોએટ ૩૦ ટકા ઈસી ૦.૦૩ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. દવા) નો એક છંટકાવ મોલોમશીનો ઉપદ્રવ જોવા મળે ત્યારે કરવાની ભલામણ કરવામાંઆવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિજ્ઞાન, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**૭.૪ તુરિયા**

**(ક) તુરિયાના તળછારા રોગનું નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર આબોહવાકિય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે તુરીયાના તળછારા રોગના અસરકારક તેમજ અર્થક્ષમ નિયંત્રણ અને વધારે ઉત્પાદન લેવા માટે મંડપ પધ્ધતિ અપનાવવી અને પાકના બીજને મેટાલેકઝીલ ૮ ટકા + મેન્કોઝેબ ૬૪ ટકા વે.પા.ના મિશ્રણવાળી બજારમાં મળતી ફૂગનાશક ૪ ગ્રામ/કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી તેમજ વાવણી બાદ ૫૦, ૬૦ અને ૭૦ દિવસે સવારે જુના પર્ણ દૂર કરવા અને બપોરબાદ મેન્કોઝેબ ૭૫ ટકા વે.પા. ૦.૨ ટકા ના (૨૭ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં) ત્રણ છંટકાવ કરવા અથવા તુરીયાના પાકમાં મંડપ પધ્ધતિ અપનાવવી અને પાકના બીજને મેટાલેકઝીલ ૮ ટકા + મેન્કોઝેબ ૬૪ ટકા વે.પા. ની ૪ ગ્રામ/કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી અને ત્યારપછી પાકના વાવેતર બાદ ૫૦ અને ૬૫ દિવસે ફોઝેટાઈલ– એએલ ૮૦ ટકા વે.પા. ૦.૧ ટકા નાં (૧૨.૫ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં) બે છંટકાવ કરવા.

(સંશો. વૈજ્ઞાનિકશ્રી (લસણ–ડુંગળી), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ )

## ૮ કૃષિ ઈજનેરી

**(ક) ચીકુ માટે મોડિફાઇડ પેકેજીંગ**

ખેડૂતો, પ્રોસેસરો અને નિકાસકારોને ચીકુની સંગ્રહક્ષમતા વધારવા માટે જૂ.કૃ.યુ. દ્વારા વિકસાવવામાં આવેલ મોડીફાઈડ એટમોસ્ફીયર પેકેજીંગ ટેકનીકથી ૫ ટકા ઓકસીજન અને ૧૦ ટકા કાર્બન ડાયોકસાઈડના પ્રમાણના મિશ્રણમાં ૨૫ માઈક્રોન એલડીપીઈ બેગમાં ૬° સે. તાપમાને સંગ્રહ કરવાની



ભલામણ કરવામાં આવે છે. આ મેપ ટેકનીકથી ચીકુની સંગ્રહક્ષમતા ૪૯ દિવસ સુધી વધારી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, રીન્યુએબલ એનર્જી, કૃષિ ટેક કોલેજ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ખ) કેરી માટે મોડિફાઇડ પેકેજીંગ**

ખેડૂતો, પ્રોસેસરો અને નિકાસકારોને કેરીની સંગ્રહક્ષમતા વધારવા માટે જૂ.કૃ.યુ. દ્વારા વિકસાવવામાં આવેલ મોડીફાઈડ એટમોસ્ફીયર પેકેજીંગ ટેકનીકથી ૬ ટકા ઓકસીજન અને ૫ ટકા કાર્બન ડાયોકસાઈડના પ્રમાણના મિશ્રણમાં ૨૫ માઈક્રોન એલડીપીઈ બેગમાં ૧૦° સે. તાપમાને સંગ્રહ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ મેપ ટેકનીકથી કેરીની સંગ્રહક્ષમતા ૩૫ દિવસ સુધી વધારી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, રીન્યુએબલ એનર્જી, કૃષિ ટેક કોલેજ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ગ) લીંબુ ઉતારવાનો વેડો**

કાગઝી લીબુ નો બગીચો ધરાવતા ખેડૂતો ને લીબુ ઉતારવા માટે જૂ.કૃ.યુ. દ્વારા વિકસાવેલ વેડો વાપરવાની ભલામણ કરવામાં આવે છે. આથી લીબુ ઉતાર્યા બાદ થતો બગાડ અને કાચા લીબુ ખરી જવાથી થતુ નુકસાન ઘટાડી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિકશ્રી, સંશોધન, ચકાસણી અને તાલીમ કેન્દ્ર, જૂ.કૃ.યુ. જૂનાગઢ )

## ૯ મત્સ્ય પાલન

**(ક) ખારાશવાળા પાણીમાં રોટીફર (મત્સ્ય)નું વધુ ઉત્પાદન**

મત્સ્ય/સ્તર કવચિય બીજ ઉત્પાદકોને રોટીફર બ્રાકીઓનસ રોટુન્ડીફોર્મીસનું વધુ ઉત્પાદન કરવા માટે ૨૦ પી.પી.ટી. ખારાશવાળું પાણી વાપરવાની ભલામણ કરવામાં આવે છે. જેનું મહતમ ઉત્પાદન ૨૫° સે. તાપમાને ૧૦ દિવસમાં મેળવી શકાય છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મત્સ્ય સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., ઓખા)

**(બ) દરિયાઇ શેવાળનો ઉછેર**

આથી ભલામણ કરવામાં આવે છે કે, કેરાજીનન આપતી દરીયાઈ શેવાળ કપ્પાફાયકસ અલ્વર્ઝી ઓખા મંડળ વિસ્તારમાં નફાકારક રીતે ઉછેર કરી શકાય છે જેનો વિકાસ ૪૫ દિવસમાં પાંચ ગણો મેળવી શકાય છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,મત્સ્ય સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., ઓખા)